# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૯/૧/૨૦૧૮

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

# ચેમ્બરમાં 'ધી ઇન્ટેલેકચ્યુલ કેપીટલ' વિષય ઉપર સેમિનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કેપીટલ માર્કેટ વીકની ઉજવણીના ભાગરૂપે રોકાણકારોની અવેરનેસ માટે સતત ત્રીજા દિવસે 'ધી ઇન્ટેલેકચ્યુલ કેપીટલ' વિષય ઉપર સેમિનાર યોજાયો હતો. જેમાં મુંબઇની એટેનીક્ષ કન્સલ્ટીગના ફાઉન્ડર શ્રી અભિજીત તાલુકદરે નફો રળતી કોઇપણ કંપનીના બેલેન્સશીટમાં નહી દેખાતી એવી અદૃશ્ય ઇકવીટી 'ઇન્ટેલેકચ્યુલ કેપીટલ' વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધન કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે કોઇપણ કોર્પોરેટ કંપનીમાં ફાયનાન્સ, એચઆર અને સ્ટ્રેટેજી સિસ્ટમ નહી હોય તો તે વ્યવસ્થિત કામ નહી કરી શકે. આથી કંપનીમાં મહત્વની સિસ્ટમ હોય છે ઇન્ટેલેકચ્યુલ કેપીટલ. જેના વિશે આજના વકતા આપણને માર્ગદર્શન આપશે.

શ્રી અભિજીત તાલુકદરે ઇન્ટેલેકચ્યુલ કેપીટલ ઉપર વકતવ્ય રજૂ કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે, કોઇપણ કંપનીના બેલેન્સશીટમાં ફિઝીકલ અને ફાયનાન્શીયલ એસેટ્‌સ દેખાશે પણ ઇન્ટેન્જીબલ એસેટ્‌સ દેખાશે નહી. કંપનીઓમાં હયુમન, સ્ટ્રકચરલ, રીલેશનલ અને કેપીટલ જેવા ફેકટર કામ કરતા હોય છે. હયુમન ફેકટરમાં અસ્પષ્ટ જ્ઞાન, સ્કીલ્સ અને એટીટયુડનો સમાવેશ થાય છે. સ્ટ્રકચરલ ફેકટરમાં સ્પષ્ટ જ્ઞાન, પ્રોસેસ અને કલ્ચરનો સમાવેશ થાય છે. જયારે રીલેશનલ ફેકટરમાં ગ્રાહકો સાથેના સંબંધનો સમાવેશ થાય છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે ફિઝીકલ અને ફાયનાન્શીયલ સિસ્ટમ એકજ વખત સર્વિસ આપી શકે છે. જયારે ઇન્ટેલેકચ્યુલ કેપીટલ સિસ્ટમ થકી મલ્ટીપલ કસ્ટમરોને સર્વિસ આપી શકાય છે. ઇન્ટેલેકચ્યુલ સિવાયની સિસ્ટમ ખરીદી શકાય છે અથવા રિપ્લેસ કરી શકાય છે. પણ ઇન્ટેલેકચ્યુલ સિસ્ટમ ખરીદી શકાતી નથી અને એની નકલ પણ કરી શકાતી નથી. આ સિસ્ટમ કંપનીને સ્પર્ધાત્મક લાભ આપી શકે છે. ઇન્ટેલેકચ્યુલ કેપીટલ એક પ્રકારની અદૃશ્ય ઇકવીટી છે. એમાં ઇકોનોમિક વેલ્યુ એડ થાય છે. માત્ર રોકાણકારો માટે છે, ટ્રેડર્સ માટે નથી. આ બાબતને સમજાવવા માટે તેમણે ડી માર્ટ જેવા રિટેલ શોપ્સનો દાખલો આપી સમજણ આપી હતી.

આ સેમિનારમાં ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડીટી માર્કેટ કમિટીના ચેરમેન શ્રી રાકેશ દોશી તથા કમિટીના સભ્યો શ્રી દિપેશ પરીખ અને શ્રી બિરેન શાહે પ્રાસંગિક વિધીઓ કરી હતી. સેમિનારના અંતમાં વકતાશ્રીએ રોકાણકારોના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.